| Monday | P.T.<br>Ch-1 to 5 | | Std -11 Eng<br>Question Type &<br>Exam Setting | | Ubuntu Command &<br>Synfing Revision | | English<br>Ch-1to5 | |
| 22/9/2015 | — | — | 11B-P | 11B-P | 9B-P | 9B | 10C | 10C |
| Tuesday | Question Type &<br>Exam Setting | | Shell Script &<br>Ubuntu Command | | English<br>Ch-1to5 | | English<br>Ch-1to5 | |
| 23/9/2015 | 11A | 11A | 9C-P | 9C | 12A | 12A | 11S | 11S |
| Wednesday | Computer<br>Ch-1to5 | | Gujarati<br>Ch-1to5 | | Question Type &<br>Exam Setting | | ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાનપ્રવાહની શાળાકીય પરીક્ષા હોવાથી ઓનલાઈન પરીક્ષા લેવાઈ નથી. | |
| 24/9/2015 | — | — | 9D-P | 9D | 10A | 10A | 12S | 12S |
| Thursday | Question Type &<br>Exam Setting | | S.S.<br>Ch-2,3,9,10,13 | | Std-12 Eco Question Type [**10A** વિદ્યાર્થીઓ શાળામાં ગેરહાજર હોવાથી ઓનલાઈન પરીક્ષા લેવાઈ નથી.] | | ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાનપ્રવાહની શાળાકીય પરીક્ષા હોવાથી ઓનલાઈન પરીક્ષા લેવાઈ નથી. | |
| 25/9/2015 | બકરી ઈદ | | | | | | | |
| 26/9/2015 | 10D | 10D | — | 12B | 12B | | | |
| Saturday | English<br>Ch-1to5 | | Question Type &<br>Exam Setting | | — | | | |
| 28/9/2015 | 9A-P | 9A | — | — | 11A-P | 11A-P | 11B | 11B |
| Monday | Maths<br>Ch-4,5,8,9 [over] | | Question Type Std-11 A/c & Exam Setting | | Shell Script &<br>Ubuntu Command<br>Practice | | Account<br>Ch-5,6,7 | |
| 29/9/2015 | — | — | 11B-P | 11B-P | 9B-P | 9B | 10C | 10C |
| Tuesday | Std-9 Indicators<br>Work | | Shell Script &<br>Ubuntu Command<br>Practice | | Std-9 & 10 [Computer & Internet Introduction use by Video] | | | |
| 30/9/2015 | 11A | 11A | 9C-P | 9C | 12A | 12A | 11S | 11S |
| Wednesday | English<br>Ch-1to5 | | P.T.<br>Ch-1 to 5 | | Std-9 Indicators<br>Work | | ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષા હોવાથી ઓનલાઈન પરીક્ષા લેવાઈ નથી. | |

# Education by audio visual aids

It is an established principle of education that involving more & more number of senses help establishing better clarity & understanding of concepts & fundamentals. We therefore have created the required infrastructure at four places in our school wherein the children learn various subjects through Audio visual equipments & materials. Our students frequently visit these audio visual centers as per the scientific time table set out for them & get benefited out of it.

Similarly we also use Over head projector(OHP) to facilitate learning more effective & efficient manner.

**A typical time table of Audio visual way of learning is as follows.**

સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ગજરાબા પ્રાથમિક શાળા

શૈક્ષણિક સોફ્ટવેર - ધોરણ ૫ થી ૮

વિદ્યાર્થીઓને શૈક્ષણિક સી.ડી. બતાવવાનું સમયપત્રક - માસ :- ડિસેમ્બર - ૨૦૧૫

| તારીખ | ધોરણ | સમય | વિષય | અભ્યાસક્રમ |
|---|---|---|---|---|
| ૦૭/૧૨/૨૦૧૫ થી ૧૨/૧૨/૨૦૧૫ | ૮ - અ | ૭-૧૫ થી ૮-૧૫ | વિજ્ઞાન | ધાતુ-અધાતુ વાયુઓની બનાવટ |
| | ૮ - ડ | ૯-૫૫ થી ૧૦-૩૦ | સા.વિજ્ઞાન | પરમાણુ રચના |
| | ૮ - બ | ૮-૩૫ થી ૯-૧૦ | સા.વિજ્ઞાન | પાઠ નં.૩ |
| | ૮ - ક | ૧૦-૩૦ થી ૧૧-૦૦ | સા.વિજ્ઞાન | પાઠ નં.૧અને ૨ |
| ૧૪/૧૨/૨૦૧૫ થી ૧૮/૧૨/૨૦૧૫ | ૭-ડ | ૭-૧૫ થી ૮-૧૫ | વિજ્ઞાન | પાઠ નં.૩ અલગીકરણ |
| | ૭-ડ | ૭-૧૫ થી ૮-૧૫ | વિજ્ઞાન | પાઠ નં.૩ પ્રશ્નબેન્ક |
| | ૭-અ | ૯-૧૦ થી ૯-૪૦<br>૧૧-૩૦ થી ૧૨-૦૫ | હિન્દી<br>હિન્દી | બેટી બચાવો વાર્તા / ગીત<br>બેટી વિશે વિડિયો |
| | ૭-અ | ૧૧-૧૦ થી ૧૧-૩૫ | English | Gir National Park - Pendrive ધ્વારા |
| | ૭-બ-ડ | ૮-૩૫ થી ૯-૪૦ | સા.વિજ્ઞાન | પાઠ-૨ - ભારત, આબોહવા અને કુદરતી સંસાધનો |
| | ૭-બ-ડ | ૯-૫૫ થી ૧૧-૦૦ | સા.વિજ્ઞાન | પાઠ-૩ અદાલતો શા માટે ? |
| | ૭-અ-ક | ૮-૩૫ થી ૯-૧૦ | સા.વિજ્ઞાન | પાઠ-૨ ભારતની આબોહવા અને કુદરતી સંસાધનો |
| | ૭-ક | ૧૦-૩૦ થી ૧૧-૦૦ | હિન્દી | બેટી વાર્તા/ગીત/બેટી બચાવો અભિયાન |
| ૧૯/૧૨/૨૦૧૫ થી ૨૨/૧૨/૨૦૧૫ | ૬-બ<br>૬-ક | ૭-૨૫ થી ૮-૦૫<br>૮-૩૫ થી ૯-૧૦ | સા.વિજ્ઞાન | પાઠ-૨ ગુજરાતની આબોહવા અને કુદરતી સંસાધનો |
| | ૬-બ | ૭-૨૫ થી ૮-૦૫ | સા.વિજ્ઞાન | પાઠ-૩ મહાજનપદ સમયની શાસન વ્યવસ્થા |
| | ૬-ક | ૭-૨૫ થી ૮-૦૫ | વિજ્ઞાન | પાઠ-૨ નરી આંખે દેખાતુ આકાશ |
| | ૬-ક | ૭-૨૫ થી ૮-૦૫ | વિજ્ઞાન | પાઠ-૧ પ્રાણીજગત |
| ૨૩/૧૨/૨૦૧૫ થી ૨૬/૧૨/૨૦૧૫ | ૫-બ | ૭-૨૫ થી ૮-૦૫ | પર્યાવરણ | રસોડાનું વિજ્ઞાન |
| | ૫-અ | ૮-૦૫ થી ૮-૩૫ | પર્યાવરણ | જમીન, દિવસ રાત અને ઋતુઓ |
| | ૫-અ | ૮-૩૫ થી ૯-૧૦ | ગુજરાતી | કવિતા-૮ ચરણોમાં |
| | ૫-ક | ૧૧-૦૦ થી ૧૨-૦૫ | ગુજરાતી | ચરણોમાં, કદર |
| | ૫-બ | ૯-૫૫ થી ૧૦-૩૦ | ગુજરાતી | કવિતા - ચરણોમાં |
| | | | | |
| | | | | |
| | | | | |

# સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ગજરાબા પ્રાથમિક શાળા

## શૈક્ષણિક સોફ્ટવેર - ધોરણ ૧ થી ૪

### વિદ્યાર્થીઓને શૈક્ષણિક સી.ડી. બતાવવાનું સમયપત્રક - માસ :- ડિસેમ્બર - ૨૦૧૫

| તારીખ | ધોરણ | સમય | વિષય | અભ્યાસક્રમ |
|---|---|---|---|---|
| ૨૭/૧૨/૨૦૧૫ | ૪-ક | ૭-૩૦ થી ૮-૪૦ | ગણિત | પ્રકરણ - ૮ - ૯ |
| | ૪-બ | ૭-૩૦ થી ૮-૪૦ | ગુજરાતી | પાઠ - ૭ - ૮ |
| | ૪-બ | ૮-૪૦ થી ૯-૪૫ | ગણિત | પ્રકરણ - ૮ - ૯ |
| | ૪-અ | ૮-૪૦ થી ૯-૪૫ | ગણિત | પ્રકરણ - ૮ - ૯ |
| | ૪-અ | ૧૦-૦૫ થી ૧૦-૩૫ | પર્યાવરણ | પ્રકરણ - ૯ કસોટી |
| ૨૮/૧૨/૨૦૧૫ | ૩-અ,ક | ૧૦-૩૦ થી ૧૧-૩૦ | પર્યાવરણ | પ્રકરણ-૮ ચાલો ઓળખીએ |
| | ૩-બ | ૧૧-૩૦ થી ૧૨-૦૫ | ગુજરાતી | પાઠ-૯ કંઈ એખલા ખવાય ? |
| | ૩-બ | ૯-૧૦ થી ૯-૪૦ | પર્યાવરણ | પાઠ-૮ ચલે ઓળખીએ |
| | ૩-બ | ૧૦-૩૦ થી ૧૧-૩૦ | ગણિત | પ્રકરણ-૨ |
| ૨૯/૧૨/૨૦૧૫ | ૨-અ,ક,ડ | ૭-૨૫ થી ૮-૩૫ | ગુજરાતી | પાઠ-૧ રંગબેરંગી રમકડાં |
| | ૨-ડ | ૭-૨૫ થી ૮-૦૫ | ગણિત | પ્રકરણ-૧ - હાથીની સવારી |
| | ૨-અ,ડ,ક | ૭-૨૫ થી ૮-૩૫ | ગુજરાતી | પાઠ-૨ માજીને ખાવા પાઉંભાજી |
| | ૨-બ | ૯-૧૦ થી ૯-૪૦ | ગણિત | પ્રકરણ-૧ - હાથીની સવારી |
| | ૨-ક,અ | ૧૦-૩૦ થી ૧૧-૩૦ | ગણિત | પ્રકરણ-૧ - હાથીની સવારી |
| ૩૦/૧૨/૨૦૧૫ | ૧-અ,બ | ૭-૨૫ થી ૮-૩૫ | ગુજરાતી | પાઠ - ૩ અને ૪ |
| | ૧-અ | ૮-૩૫ થી ૯-૧૦ | ગુજરાતી | ધો-૩ ની વાર્તા |
| | ૧-ક,ડ | ૮-૦૫ થી ૯-૧૦ | અંગ્રેજી | અંગ્રેજી એ.બી.સી.ડી. |
| | | | | |

**(VI) Details of Performance of our Students in co-curricular / Extra-curricular (Sports/Arts etc) Activities.**

# <u>પગરણ – વ્યવસાય ક્ષેત્રે શાળા</u>

**“માત્ર ગોખણપટ્ટી આધારિત શિક્ષણ એ ડીગ્રીના લેબલધારી યુવાનો બહાર પાડવાના મશીનનું કામ કરે છે. ”** શિક્ષણપધ્ધતિની એ જ તો ખાટલે ખોડ છે કે, વિદ્યાર્થી પોતાના રસ-રૂચિ-વલણ અનુસાર જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી. માથે મારવામાં આવેલ વિષયો અને ચીલાચાલુ પરીક્ષા પદ્ધતિ તેના અભ્યાસમાંના **રસને** ઓછો કરવાનું કામ કરે છે. **ગાંધીજીએ કહ્યું કે શિક્ષણમાં ‘હેડ, હાર્ટ અને હેન્ડ’ પર ભાર મૂકાવો જોઈએ.** દુ:ખ એ છે કે, હવે શિક્ષણમાં હાર્ટ અને હેન્ડ બાજુ પર હડસેલાઈ ગયા છે. તેને કારણે તે પોતાનો પ્રવાહ, દિશા જાતે પસંદ કરી શકતો નથી. દસમાં ધોરણ પછી મા-બાપને પૂછીને કે મિત્રોને કારણે ખેંચાઈને પોતાનો પ્રવાહ નક્કી કરે છે. તેને પોતાનામાં રહેલી સુષુપ્ત શકિતઓનો અહેસાસ થતો નથી. અંતે નિષ્ફળ જાય છે. પછી, કાં તો જીવનનો અંત લાવે છે. કાં તો શિક્ષણમાંથી ડ્રોપ આઉટ થઈ જાય છે. શકય છે કે તેનામાં કોઈ કલા, કોઈ કૌશલ્ય વણઓળખાયેલું રહી જાય. સમાજને એક કુશળ કારીગરની ખૂબ જરૂર છે. જે આપણે ગુમાવીએ છીએ. જે દેશમાં ૬૦ ટકા લોકો ગરીબી રેખા નીચે જીવતા હોય તે દેશમાં કૌશલ્ય આધારિત શિક્ષણની ખૂબ જરૂર છે. સમય જતા સરકારશ્રીએ પણ આ વાતને ગંભીરતાથી સ્વીકારી છે. ભણવા પાછળ વર્ષો વેડફી, પૈસા અને મહેનતનું પાણી કરીને પણ ૧૦૦ ટકા રોજગારની કોઈ ખાતરી હોતી નથી. કેટલીક વાર ઘણા કુટુંબની આર્થિક સ્થિતિ પણ ઉચ્ચ શિક્ષણ મેળવવામાં રૂકાવટ ઊભી કરે છે. આવા સંજોગોમાં તેના હાથમાં કોઈ ઓજાર હોય તો તે રોજી મેળવી શકે છે અને સારી વાત એ છે કે તેના હાથ ઘાટકી હથિયારથી દૂર રહે છે.

ભવિષ્યની જરૂરિયાતને અત્યારથી જ સમજી સમયની માંગ અનુસાર અમારી સંસ્થાએ એ દિશામાં સક્રિય પ્રયત્નો હાથ ધર્યા અને યુદ્ધના ધોરણે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમની શરૂઆત કરી. અમારા વિદ્યાર્થી જયારે **સમાજમાં જાય ત્યારે માત્ર ભણતર જ નહિ પણ કૌશલ્યમાં પારંગત થઈને જાય તેવા શુભ આશયથી વ્યવસાયિક અભ્યાસક્રમોના પથ પર અમે પા...પા...પગલી પાડવી સને ૨૦૦૫થી શરૂ કરી દીધી હતી.** હાલમાં ચાર માળનો એક વિભાગ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો માટે નિર્માણ કરી વિધિવત્ રીતે ૨૦૦૯ થી સક્રિયપણે એમાં ખૂબ આગળ વધી રહ્યાં છીએ.

## ☛ <u>Activities for the holistic development of the future of INDIA</u>

**(1) CBSE Board & State and Central Government is considering to introduce different skills & vocational courses in school education. Since last nine and a half years we have introduced skills & vocational training as a part of curriculum and have setup vocational training centre in our school premises and have dedicated major part of one of the wings of the school building known as "purushartha" where in all our school children are taught different skills & vocations which includes…**

(1) Carpentry
(2) Electrical wiring
(3) Photo Lamination
(4) Art and Craft
(5) Glass painting, M-seal Art.
(6) Madhubani and Varli painting.
(7) Clay art & pottery.
(8) Hand-printing, Marble printing, Bandhani Printing.
(9) Best out of Waste.
(10) Knitting and embroidery.
(11) Garment Designing & Making.
(12) Mobile Repairing.
(13) Tally Accounting.
(14) Photo-shop & Photography Editing.
(15) CorelDRAW Graphic Designing.
(16) Wilcom Computerized Embroidery Designing.

We believe that the above skill infusion helps in the development of the creative brain of young buds which is completely lacking in our contemporary education system. This also follows the ideology of "Nayi Talim" as conceived by The Father of Our Nation.

**1) CARPENTRY**





2) Our Students' Creativity in Carpentry & Furniture Making.









3) Students Learning Household Electrical wiring.





**4) Gallery of Students' Work in Photo–Lamination .**





**5) Students' Expression of Creativity in Art and Craft.**






**6) Students' Creativity on Glass.**





**7) Students' Creativity in Quelling, Gem & Jewellery.**





**8) Students' Expression of Creativity with Clay & Pottery.**





**9) Best out of Waste.**





10) Students' Expression on Marble Printing.
Students' Expression on Madhubani, Varli & Godana Painting.




11) Knitting and Embroidery.




12) Students Learning & Expressing Skill in Garment Designing & Making.




## 13) Students Acquainting with Electronics & Mobile Repairing.





## 14) Students Conceptualizing Accounting on Tally.







Tally Voucher Entry

Tally Invoice Print



Students Work of Tally Accounting & Photoshop in Computer Lab.

**15) Students Learning & Experimenting Skills of Photography & Photoediting.**



Photo with Background



Water Reflection Photo



Framing Photo



Black & White to Colour Photo

Photo Effect in Rainy Season



Before



After

Cartoon Effect Photo



Before



After

## 16) Initializing Graphic Designing with CorelDRAW .




Visiting Card



Logo Design



Invitation Card Front Page



Our Students Making Graphic Designs.



Invitation Card

## 17) First Steps in the wonderland of Computerized Embroidery Designing.







Our Students Drawing Embroidery Designs on Computer




Text Design



Border Design



Saree Design



Saree Design

## (2) Eco club :-





## માધ્યમિક વિભાગ

### ઈકો કલબ

પૃથ્વી પર જીવસૃષ્ટિ ના સર્જન અને વિકાસની ગતિ ના હજારો વર્ષના ઈતિહાસના અભ્યાસમાં છેલ્લા ૫૦ વર્ષ દરમ્યાન સરળ, સહજ, સુખદ જીવનમાં પૂરા વિશ્વને અડચણ રૂપ પરિસ્થિતિ સહન કરવી પડતી હોય તો તે છે વૈશ્વિક તાપમાનમાં થયેલ ફેરફાર અને તે કારણે ઋતુચક્રમાં આવેલ પરિવર્તન પૃથ્વી પર સુક્ષ્મ જીવોથી લઈને તમામ વર્ગના નાના – મોટા જીવોના વિકાસક્રમને માટે ઘાતક પુરવાર થતુ આ તાપમાન આખરે તો ફકત અને ફકત મનુષ્યોમાં કુદરતી સ્ત્રોતનો વિવેક વગરનો બેફામ– સ્વાર્થી ઉપયોગ ગણાય.

વિશ્વના દરેક નાગરિકને આ પ્રશ્ન અને તેના કારણોની સમજ પડી જ છે અને જાગ્યા ત્યાંથી સવારે કહેવત અનુસરીને દરેક વ્યકિત કુદરતની ગતિને ફરી મૂળ સ્થિતિમાં લાવવા તનતોડ મહેનત કરતો થાય, જાગૃત બને તે, ગંભીર બને તે હેતુથી **'ઈકો કલબ'**ની પ્રવૃતિ શાળામાં નિરંતર ચાલી રહી છે.

આ કલબની પ્રવૃતિઓમાં નાના ફૂલછોડ રોપવા ,વૃક્ષારોપણ કરવુ,પશુ– પક્ષી અને જળજીવન સાથે પરિચય કેળવવો ,બાળકોને અન્ય જીવજગત સાથેની કેટલીક ગેરસમજ દૂર કરવી ,સર્પદર્શન અને તેની માહિતીઓ આપવી,જંગલજીવનથી પરિચિતતા કેળવવા નાના પ્રવાસો કરાવવા, તથા હાલની પરિસ્થિતીમાં વિદ્યાર્થીઓની નૈતિક ફરજો ને સમજાવા પ્રયત્ન થાય.

શાળામાં વ્દિાર્થીઓ વર્તમાનપત્રો ,સામયિક વાંચતા થયા.જાણવા – સમજવા જેવી વાતોની ચર્ચા કલબમાં થતી થઈ અને તેમની લાગણીઓ – ભાવનાઓનું આદાન – પ્રદાન થતું થયું આવી પ્રવૃતિઓ થકી પૃથ્વીને ફરી મૂળરૂપે સજીવન કરવા દરેક બાળક ગંભીર બને એજ આ પ્રવૃતિનો મૂળ હેતુ છે.

**(3) Student police cadets (SPC) : We are one of the very few schools in the state of Gujarat to get selected for the program of students police cadets run by the government of Gujarat police department. we run a very active chapter of SPC in our school since 2014.**










Student police Cadet S.P.C ગુજરાત સરકાર દ્વારા આયોજીત આ પ્રોજેકટની શરૂઆત આપણી શાળા (ગજરાબા પ્રાથમિક શાળા) માં આ પ્રોજેકટ ફેબ્રુઆરી ૨૦૧૪માં શરૂઆત થઈ હતી. S.P.C ના પ્રોજેકટ અંતર્ગત ધોરણ ૮ અને ધોરણ ૯ નાં ૨૨ વિદ્યાર્થીઓ અને ૨૨ વિદ્યાર્થીનીઓની પસંદગી કરવામાં આવી છે. આ S.P.C ના પ્રોજેકટ માટે શાળામાંથી એક શિક્ષક અને એક શિક્ષિકાની નિમણૂંક કરવામાં આવી છે. અઠવાડિયા દરમિયાન ૪ તાસ ઈનડોર અને ૪ તાસ આઉટડોરના લેવામાં આવે છે. ઈનડોરનાં તાસમાં પસંદગી પામેલા શાળાનાં શિક્ષકો પર્યાવરણ, ન્યૂઝએનાલિસીસ, સ્વચ્છતા, આરોગ્ય, દેશભકિત જેવા વિષયો પર સમજ આપે તથા પ્રોજેકટ કાર્ય કરાવે છે. તથા આઉટડોરમાં પોલીસ કર્મચારી દાવ, પરેડ, વગેરે મેદાનમાં કસરતો કરાવે છે. વર્ષ દરમિયાન જેલ વૃધ્ધાશ્રમ, પોસ્ટઓફિસ, બેંક, કલેકટર કચેરી જેવી મુલાકાતો ગોઠવવામાં આવે છે. વર્ષ દરમિયાન ત્રણ કેમ્પ રાખવામાં આવે છે. આ પરિવારમાં ઘર-પરિવારથી બાળકો દૂર રહી વ્યકિતત્વ વિકાસ સાધી શકે એવી પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે.

S.P.C નાં પ્રોજેકટથી બાળકોમાં આત્મવિશ્વાસ વધે છે. શિસ્તનાં નિયમો શીખે છે. માનવતાનાં, સહકારનાં, મૈત્રીનાં ગુણોનો વિકાસ થાય છે. પોલીસ પ્રત્યેનો બિનજરૂરી ભય ઓછો થાય છે.

☛ **Our Students' performance in Sports & Arts**

## આઇજી દેસાઇ વિદ્યાલયની કલાક્ષેત્રે સિદ્ધિ

**સુરત :** સ્વતંત્રતા પર્વને અંતર્ગત સંકુલ કક્ષાએ વિવિધ આંતરશાળા સ્પર્ધાઓનું આયોજન કર્મવિર સાકળચંદ હાઈસ્કુલ, ભટાર ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં આઇ. જી. દેસાઇ શાળાના વિદ્યાર્થીની પાયલ રાણા રંગોળી સ્પર્ધામાં પ્રથમ, નેહા પવારે દ્વિતીય તથા નિધી મોદીએ નિબંધ સ્પર્ધામાં તૃતિય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ હતું. જે બદલ શાળાપરિવાર તરફથી તમામ વિજેતા વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવવામાં આવે છે. તા ૧૭/૮/૧૩ દિવ્યભાસ્કર

## જિલ્લા કક્ષાની રંગોળી સ્પર્ધામાં પ્રથમ

**સુરતઃ** જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા આયોજીત જીલ્લાકક્ષાની રંગોળી સ્પર્ધામાં ભટાર રોડ સ્થિત આઇ. જી. દેસાઇ સ્કૂલની વિદ્યાર્થીની પાયલ રાણાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. જે બદલ શાળા તરફથી તેઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે. તા. 26/8/13 દિવ્ય ભાસ્કર

## આઇ.જી. દેસાઇ વિદ્યાસંકુલનું ગૌરવ

વનિતા વિશ્રામ સ્કૂલ દ્વારા સમગ્ર સુરત શહેર કક્ષાએ આંતર શાળા ચિત્ર સ્પર્ધા માય ક્રિયેટિવ ડ્રોઇંગ કોમ્પિટિશન - ૨૦૧૩ નું આયોજન તા. ૧૦/૧૨/૨૦૧૩ ના રોજ વનિતા વિશ્રામ સ્કૂલ ખાતે જ થયું હતું. જેમાં ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાંથી વિભાગ-૭ માં આઇ.જી. દેસાઇ વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ પવાર નેહા જે. (૧૨-અ) પ્રથમ ક્રમ અને રાણા પાયલ એમ. (૧૧-સાયન્સ) આશ્વાસન નંબર મેળવી વિજેતા થઇ શાળાનું ગૌરવ વધાર્યુ. જે બદલ સમગ્ર શાળા પરિવાર વતી આચાર્યા શીલાબેન ફરસોલેએ વિજેતા વિદ્યાર્થીનીઓ અને તેમના માર્ગદર્શક શિક્ષક ઇશ્વરભાઇ પેઢડીયાને અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત મિત્ર 27/12/2013

સંક્ષિપ્ત સમાચાર

ગું. સમાચાર

## ભટારની દેસાઇ વિદ્યાલયના વિદ્યાર્થીઓ પોસ્ટર સ્પર્ધામાં ઝળક્યા




કિશોર દિવસની ઉજવણી નિમિત્તે સુરત પિડિયાટ્રીક એસોસિએશન દ્વારા પોસ્ટર સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં સુરતની અનેક શાળાઓએ ભાગ લેતા ભટારની આઇ.જી. દેસાઇ વિદ્યાલયના વિદ્યાર્થી પટેલ ઉમંગ એમ. (૧૦-અ) ટ્રાફિક સેન્સ વિષય પર પ્રથમ ક્રમ અને પટેલ ઉત્કર્ષ આઇ (૯-અ) એચ.આઇ.વી./એઇડ્સ વિષય પર આશ્વાસન ઇનામ મેળવી વિજેતા થઇ શાળાનું ગૌરવ વધાર્યું હતું.

સંક્ષિપ્ત સમાચાર

ગુ. સમાચાર

## ચિત્રસ્પર્ધામાં આઇ.જી. દેસાઇ વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ ઝળકી


નેહા


દેવ્યાની

વિદ્યાભારતી હાઇસ્કૂલ (અંગ્રેજી માધ્યમ) દ્વારા આયોજીત આંતરશાળા ચિત્રસ્પર્ધા યોજાઇ હતી. જેમાં ભટારની આઇ.જી. દેસાઇ વિદ્યાલયમાંથી ચાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ત્રણ વિદ્યાર્થીઓ વિજેતા થતા જુનિયર ગ્રુપમાં સ્વાતંત્ર્ય દિન વિષય પર પ્રથમક્રમે પવાર નેહા જે. (ધો. ૧૦-અ) અને સિનિયર ગ્રુપમાં રામાયણનું દ્રશ્ય વિષય પર પ્રથમક્રમે ત્રિવેદી દેવ્યાની વી. (૧૧-અ) અને આઝાદીના લડવૈયા (પોટ્રેઇટ ચિત્ર) વિષય પર આશ્વાસન ઇનામ જાગૃતિ આર. મહાડીકે (૧૧ સાયન્સ) મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

## આંતરશાળા અવકાશ ચિત્ર સ્પર્ધામાં ઉમંગ પ્રથમ


ઉમંગ પટેલ

જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર સુરત દ્વારા યોજાયેલી આંતર શાળા અવકાશ ચિત્ર સ્પર્ધામાં ભટારની આઇ.જી. દેસાઇ વિદ્યાલયના વિદ્યાર્થી ઉમંગ એમ. પટેલ (ધોરણ-૧૦-અ) અવકાશ વસાહત વિષય પર ચિત્ર દોરી પ્રથમ ક્રમે વિજેતા થયો હતો. કલા શિક્ષક ઇશ્વરભાઇ પેઢડીયા આ સ્પર્ધામાં ઉમંગ પટેલના માર્ગદર્શક રહ્યા હતા.

ગુજરાત સમાચાર 15/12/15

## ચિત્રસ્પર્ધામાં આઇ.જી. દેસાઇ વિદ્યાલયનું ગૌરવ



સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત સ્માર્ટ સિટી સુરત વિષય પર ચિત્રસ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં આઇ.જી. દેસાઇ વિદ્યાલયની વિદ્યાર્થીની બારી મોનિકા જે. ધોરણ-૧૦-અ ચતુર્થ ક્રમે વિજેતા થઇ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે ૧૦૦૦ રૂપિયાનું રોકડ ઇનામ પ્રાપ્ત કરી ચિત્રકલા ક્ષેત્રે શાળાનું ગૌરવ વધાર્યું છે.



રાજય યુવક સેવા સાંસ્કૃતિક વિભાગ અને જિલ્લા રમતગમત કચેરી ઉપક્રમે રાજયના અન્ડર ૧૯ શાળાકીય જીમ્નાસ્ટીક સ્પર્ધા ભટારરોડ આઇ.જી. દેસાઇ વિદ્યાભવન ખાતે શરૂ થઇ છે. સ્પર્ધામાં સુરત, વડોદરા, મહેસાણા, અમરેલી, રાજકોટ, નવસારી, નર્મદા, જામનગર, ભાવનગર વિગેરે ૧૧ જિલ્લાના ૫૯ ભાઇઓ તથા ૫૮ બહેનો મળીને કુલ ૧૧૭ સ્પર્ધકોએ ભાગ લીધો છે. બીજા રાજયો તથા અન્ય દેશોમાં જીમ્નાસ્ટીક રમતને યોગ્ય પ્રોત્સાહન મળી રહે છે પરંતુ ગુજરાત રાજયમાં જીમ્નાસ્ટીકના સાધનો તથા કોચના અભાવને લીધે જીમ્નાસ્ટીક રમત હાંસિયામાં ધકેલાઇ જઇ રહી છે. તસ્વીરમાં જૂના થઇ ગયેલા બેલેન્સીંગ બીમ તથા હોસ્ટીંગ હોર્સ ઉપર ખેલાડીઓ પોતાની રમત બતાવતા નજરે પડે છે.
(તસ્વીરઃ દિલીપ રામશા)

# જીમ્નાસ્ટીકક્ષેત્રે સરકારી પ્રોત્સાહનના અભાવે પ્રતિભાઓ બહાર આવી શકતી નથી

(પ્રતિનિધિ દ્વારા) સુરત, શનિવાર

શહેરના ભટાર રોડ સ્થિત આઈ.જી. દેસાઈ વિદ્યાભવન ખાતે રાજ્ય યુવક સેવા સાંસ્કૃતિક વિભાગ અને જિલ્લા રમતગમત કચેરીના સંયુક્ત ઉપક્રમે યોજયેલા રાજ્યના અન્ડર ૧૯ શાળાકીય જીમ્નાસ્ટીક સ્પર્ધામાં રાજયના ૧૧ જિલ્લાના કુલ ૧૧૭ વિદ્યાર્થી-વિદ્યાર્થીઓનો વચ્ચે જીમ્નેસ્ટીકની સીંગલ અને ટીમ ઈવેન્ટની ત્રિ-દિવસીય સ્પર્ધાનો આજરોજથી પ્રારંભ થઈ રહ્યો છે.

આ વર્ષે રાજ્યના શાળાકીય જીમ્નાસ્ટીકની ત્રિ-દિવસીય સ્પર્ધાનું યજમાન શહેરને ફાળે જતાં ભટાર રોડની આઈ.જી. દેસાઈ વિદ્યાલય ખાતે આજથી તેનો

(અનુસંધાન ૨જે પાને)

## રાજ્ય યુવક સેવા સાંસ્કૃત્તિક વિભાગના ઉપક્રમે ભટાર રોડ ખાતે અન્ડર ૧૯ રાજય શાળાકીય જીમ્નાસ્ટીક ત્રિદિવસીય સ્પર્ધાનો પ્રારંભ

જીમ્નાસ્ટીકક્ષેત્રે (છેલ્લા પાનાથી ચાલુ)

પ્રારંભ થયો હતો. જેમાં રાજયના ૧૧ જિલ્લાઓમાંથી કુલ ૫૯ બહેનો અને ૫૮ ભાઈઓ મળીને કુલ ૧૧૭ અન્ડર ૧૯ વર્ષીય વિધાર્થી-વિધાર્થીનીઓ વચ્ચે વિવિધ સીંગલ તથા ટીમ ઈવેન્ટની સ્પર્ધા યોજાશે. જેમાં બેલેન્સીંગ બીમ, ફ્લોર, રોમન રીંગ, વોલ્ટીંગ હોર્સ, સીંગલ બારની ઈવેન્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ત્રિદિવસીય જીમ્નાસ્ટીક સ્પર્ધાના નિર્ણાયક તરીકે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સેવા આપી શહેરને ગૌરવ અપાવનાર નિર્ણાયક કૌશિક બીડીવાલા કહે છે કે અન્ય રમતગમત સહિત જીમ્નાસ્ટીક ક્ષેત્રે પણ ગુજરાતને ગૌરવ અપાવી શકાય તેવી પ્રતિભાઓની કમી નથી. પરંતુ ખાટલે મોટી

જીમ્નાસ્ટીક અંગેનું કોચિંગ આપતાં આંગળીના વેઢે ગણી શકાય તેટલા માત્ર ચાર કોચ છે. જેમાં ભૂજના વિક્રમ ઠક્કર, સુરતના કીરીટભાઈ કનુભાઈ રાઠોડ, નર્મદા જિલ્લામાં આર.ડી.શર્મા અને ભાવનગર જિલ્લામાં દિનેશ વાઘેલા જીમ્નાસ્ટીકના ખેલાડીઓને કોચિંગ આપી તૈયાર કરે છે.

ગોંડલની શ્રીમતી કે.બી.બેરા કન્યાવિધાલયના વ્યાયામ શિક્ષકા ઈન્દીરાબેન કે.ભાલોડીયા જણાવે છે કે મોટાભાગની શાળામાં જીમ્નાસ્ટીકના હોલ્ટીંગ હોર્સ, સીંગલ બીમ, ફ્લોરઈવેન્ટ વગેરે માટેના મોંઘા કહી શકાય તેવા સાધનો જ ઉપલબ્ધ નથી હોતા. જેથી જીમ્નાસ્ટીક ક્ષેત્રે વિધાર્થીઓમાં રસ કેળવવા અને

પ્રોત્સાહન આપવા મુંબઈ અને પતિયાળા ખાતે બનતાં આવા સાધનો પ્રત્યેક શાળામાં ઉપલબ્ધ કરાવવા જોઈએ.

નિર્ણાયક કૌશિક બીડીવાલા કહે છે ક આજરોજ યોજાયેલી પ્રથમદિવસીય ઈવેન્ટ દરમિયાન ખાસ કરીને નર્મદા, સુરત અને ભાવનગર જિલ્લાઓના સ્પર્ધકો વચ્ચેની સ્પર્ધા કટોકટની રહે તેવો દેખાવ જોવા મળ્યો છે. અલબત્ત અન્ય જિલ્લાના સ્પર્ધકો પ્રેકટીશ માટેના ટાંચા સાધનો અને યોગ્ય કોચની દોરવણી કે માર્ગદર્શનના અભાવે ધાર્યો દેખાવ ન કરી શકે તેવું જણાય છે. પરંતુ બધા સ્પર્ધકોમાં પ્રતિભાની ખોટ નથી, પરંતુ તેમને યોગ્ય માર્ગદર્શન અને સાધનો ઉપલબ્ધ કરાવવાની જરૂર છે.

સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
ઇશ્વરલાલ ગુલાબભાઇ દેસાઈ વિદ્યાલય
માધ્યમિક - ઉચ્ચતર માધ્યમિક શાળા
ભટાર ચાર રસ્તા,
પૂ. રવિશંકર મહારાજ માર્ગ, સુરત - ૩૯૫૦૦૭.

આઈ. જી. દેસાઈ વિદ્યાલય
ભટાર ચારરસ્તા,
સુરત.

# આઈ.જી. દેસાઈ શાળાનું ગૌરવ



પટેલ અંકિત કુમાર | પટેલ કૃણાલ એમ. | ફોટોગ્રાફર જેનીશ | પટેલ કેતન | પટેલ હસુમતિ | પટેલ અંકિતા બી.

સૂરતઃ સુરત શહેર અને જિલ્લાની ટીમોને સમાવતી શાળાકીય રમતોત્સવમાં આંતરઝોનલ સ્પર્ધામાં ઝોનલ કક્ષાએ ડંકો વગાડનાર ભટારની શ્રી ઈશ્વરલાલ ગુલાબભાઈ દેસાઈ સર્વોદય શાળા જિલ્લા કક્ષાએ પણ પ્રશંસનીય દેખાવ કરીને રમતગમત ક્ષેત્રે મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આ શાળાની ટીમ (૧) બાળ ખોખો ભાઈઓ, (૨) બાળ કબડ્ડી ભાઈઓ અને (૩) બાળ કબડ્ડી બહેનોની ટુર્નામેન્ટમાં રાજ્ય કક્ષાએ રમવા માટે સુરત જિલ્લાની ટીમમાં પસંદગી પામીને આઇ.જી. દેસાઇ શાળાને ગૌરવ અપાવ્યું છે.

બાળ ખોખો ભાઈઓઃ (૧) અંકીત પટેલ (૨) કૃણાલ પટેલ (૩) જેનીશ ફોટોગ્રાફર (૪) કેતન પટેલ

બાળ કબડ્ડી ભાઈઓઃ (૧) પીંકલ પટેલ (૨) અમીત ક્રિશ્ચિયન (૩) હિતેશ પટેલ

બાળ કબડ્ડી બહેનોઃ (૧) હસુમતી પટેલ (૨) અંકિતા પટેલ

ઉપર્યુકત સફળતાની પાછળ સર્વોદય શાળા પરિવારના પ્રમુખ શ્રી બીપીનભાઈ દેસાઇ, મંત્રી શ્રી પરિમલ દેસાઇ, ડૉ. નૈમેષ દેસાઇ તેમજ શાળાના આચાર્ય શ્રીમતી મધુબહેન દારૂવાલા અને રમતગમતના શિક્ષક શ્રીમતી ભારતીબેન પટેલ અને કોચ શ્રી કીંગ અને ખેતમલભાઇ અને નિલેશભાઇ છે.

બાળ ખો-ખો, કબડ્ડી, ભાઈઓ - તથા
બહેનો રાજ્ય કક્ષાએ પસંદગી પામેલા
વિદ્યાર્થીઓ.

# હવે નિશાના પર રાજ્યકક્ષાની સ્પર્ધા



ભટાર ચાર રસ્તાસ્થિત આઈ.જી. દેસાઈ વિદ્યાલયના વિદ્યાર્થી મન્સુરી નઈમ, કરશન ચૌધરી, દિપક નેપાળી અને રોહિત ગૌરવ તેમ જ વિદ્યાર્થિનીઓમાં કરિશ્મા પટેલ તથા શિવાંગી પટેલની રાજ્યકક્ષાની ખોખોની સ્પર્ધા માટેની ટીમમાં પસંદગી થઈ છે.

# ઈશ્વરલાલ ગુલાબભાઈ દેસાઈ વિદ્યાલયનું ગૌરવ કુ. વિજેતા બોરકરે રાજય કક્ષાએ મેળવેલા સુવર્ણ અને કાંસ્ય ચંદ્રકો



સુરતઃ શ્રી ઈશ્વરલાલ ગુલાબભાઈ દેસાઈ વિદ્યાલય, ભટારમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુમારી વિજેતા બોરકરે ગાંધીનગર મુકામે યોજાયેલી અન્ડર ૧૭ની દોડની સ્પર્ધામાં ૨૦૦ મીટરમાં પ્રથમ અને ૪૦૦ મીટરમાં પણ પ્રથમ આવીને બે સુવર્ણ પદક જીત્યા છે જયારે ઊંચી કૂદમાં તૃતીય તથા ૧૦૦× ૪મી રીલે દોડમાં તૃતીય ક્રમ મેળવીને બે બ્રોન્ઝ મેડલ પણ મેળવ્યા છે. એથ્લેટીક ક્ષેત્રે શાળાનું નામ રોશન કરનાર કુમારી વિજેતાને શાળા સંકુલના પ્રમુખ બીપીનભાઈ દેસાઈ, મંત્રી શ્રી પરિમલ દેસાઈ તેમજ આચાર્ય શ્રી જયંત શુકલે અભિનંદન પાઠવીને રાષ્ટ્રીય કક્ષાએ સફળતા મેળવે એવી શુભેચ્છા પાઠવી છે.

કુ. વિજેતાને તાલીમ એનઆઈએસ કોચ શ્રી મોહનભાઈ તેમજ શાળાના શિક્ષક શ્રી ખેતમલભાઈ અને નિલેશભાઈએ આપી હતી.

# REPORT OF SPECIAL ACHIEVEMENT FOR SOCIAL WELFARE IN SOCIETY

To imbibe the quality of "the joy of giving" & to inculcate a culture & quality of compassion, "Sarvodaya" & "Antyodaya" following activities are carried out in the school & by the school such as follows.

**(1)**

## કચ્છ ભૂકંપ પીડિત, કોમી રમખાણ પીડિત અને અગરિયા અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને આશ્રય

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ગુજરાતને હચમચાવી નાખનાર ભયંકર ભૂકંપ થયો. ભલભલાના કાળજા કંપી જાય તેવી હૃદયદ્રાવક ઘટનાઓ જોઈ પૂ. બીપીનકાકા, પૂ. દિનેશભાઈ નવાબ અને પૂ. ગુણવંતકાકાનું હૈયુ હચમચી ઊઠ્યું. **''હું માનવી માનવ થાઉ, તો ય ઘણું''** એ ન્યાયે કુદરતી આપત્તિ સામે લડવામાં એક માનવ તરીકે માનવને મદદ કરવા તત્પર હતા. તેઓ કચ્છની મુલાકાતે ઉપડ્યા. ચારેબાજુ મૃતદેહો, દુર્ગંધ અને રોગચાળો. હૈયે વેદનાની ટીસ ઊઠી. **આ વેદનાનો પ્રસવ એટલે જ 'ભૂકંપગ્રસ્ત વિદ્યાર્થીઓને આશ્રય.'**

પ્રશ્ન એટલા બધા હતા જેમ કે, વિદ્યાર્થીઓ આટલા દૂર આવવા તૈયાર નહોતા. તેમના વાલીઓને પણ ઘણી મૂંઝવણ હતી. અહીં લાવેલા વિદ્યાર્થીઓને રહેવાની વ્યવસ્થા, ખાધાખોરાકીની વ્યવસ્થા કરવી અને ઝડપથી થાળે પાડવા, ખૂબ અઘરું કાર્ય હતું. ડૉ. નૈમેષભાઈએ મિત્રવૃંદ સમક્ષ વાત કરી. મિત્રોએ તરત સહયોગ આપવાની ખાતરી આપી. સરકારી, અર્ધસરકારી તથા સ્વૈચ્છિક સંસ્થાઓએ સહયોગ આપવા અભિગમ દર્શાવ્યો. શરૂઆતમાં **૫૬** વિદ્યાર્થીઓ સુરત આવવા તૈયાર થયા. શાળાના મંત્રી શ્રી પરિમલભાઈએ નવા સંમેલન ખંડમાં વિદ્યાર્થીઓને રહેવાની વ્યવસ્થા કરી રહેઠાણની સમસ્યા ઉકેલી નાખી. પડખેની અગાશીમાં રસોડું, અન્નભંડાર અને ગૃહપતિ નિવાસ ઊભા કરી દીધા. મોઢા પર ઉદાસી સાથે આવેલા બાળકોના મુખ પર ધીરે ધીરે તેજ આવવા માડ્યું. પ્રાથમિક શાળાના આચાર્યાશ્રી મધુબેન દારૂવાલા માતૃત્વ પૂરું પાડે છે. સુશીલાબેને રસોડાનો કાર્યભાર ઉપાડી લીધો.

ચાર ધોરણથી ઉપરના વિદ્યાર્થીઓને લાવ્યા હતા. તેનો ખાધાખોરાકી, અભ્યાસ, દવા વગેરેનો ખર્ચ અંદાજીત પંદર હજાર ગણતા પચાસેક લાખની જવાબદારી હતી. શાળાના શિક્ષકોએ અને વિદ્યાર્થીઓએ પણ પોતાનું યોગદાન આપ્યું. **બંને વિભાગના વિદ્યાર્થીઓએ અસરગ્રસ્ત એક એક વિદ્યાર્થીની જવાબદારી ઉપાડી સંવેદનાભર્યો શુભ સંકલ્પ કર્યો.** બાળકોને ઓછું ન આવે તેનું ટ્રસ્ટીગણ અને પ્રાથમિક વિભાગના આચાર્યાશ્રી મધુબેન દારૂવાલા ખાસ ધ્યાન રાખે છે. તેમજ રક્ષાબંધનની ઉજવણી પણ અનોખી રીતે કરે છે.

ત્યાં જ ઇ.સ. ૨૦૦૨ના વર્ષમાં ગોધરાકાંડ જેવી કલંકકથાએ ઇતિહાસમાં આકાર લીધો. ટ્રસ્ટીગણે લઘુમતી પરિવારોની મુલાકાત લીધી. સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટે તેમના પુનઃવસનમાં શક્ય એટલો ફાળો આપ્યો. **ભયભીત અને અસલામતીભરી પરિસ્થિતિમાં નિરાધાર થયેલ ૧૨ મુસ્લિમ વિદ્યાર્થીઓને પણ આ ભૂકંપગ્રસ્ત વિદ્યાર્થીઓની સાથે રાખ્યા. કોમી એખલાસની દિશામાં એક મહત્ત્વનું કાર્ય કરી ''સર્વોદય ટ્રસ્ટે'' પોતાનું સામાજિક દાયિત્વ ઉત્તમ રીતે નિભાવ્યું. મીઠાના અગરમાં કામ કરતા, દોઝખ જિંદગી જીવતા, અગરિયાઓના બાળકો**

**યોગ્ય સમયે અને યોગ્ય પ્રસંગે બોલાયેલા શબ્દો ઇતિહાસ બની જાય છે.**

★

**શબ્દો જેટલા ઓછા તેટલી પ્રાર્થના ઉત્તમ.**
**- લ્યુથર**



**''હૈયુ હોઠ પર બેસે તેનું નામ પ્રાર્થના.''**

**શિક્ષણથી વંચિત ન રહે તે હેતુથી આવા નિરાધાર ૫૬ બાળકો પણ હાલમાં સર્વોદય શાળાની અંદર 'બાળનિવાસ કક્ષ'માં રહી અભ્યાસ કરી રહ્યાં છે.**

આજે આ બાળકોમાંથી ઘણા ભણી ગણીને સારી જગ્યાએ ગોઠવાયા છે. જરૂરિયાતમંદ બાળકોના ભવિષ્યનિર્માણની ઇમારત ''સર્વોદય ટ્રસ્ટે'' ઊભી કરી અને બાપુના ''**ટ્રસ્ટીશીપ**''ના સિદ્ધાંતને યથાર્થ કર્યો. આ બાળકો અને તેમના વાલીઓના અંતરના આશિષથી તો સંસ્થા ગર્વભેર, ઉન્નત મસ્તકે ઊભી છે.

આ બાળકો ગુજરાતના કચ્છ, પાટણ, સુરેન્દ્રનગર, ભાવનગર, મહેસાણા, વલસાડ, અમદાવાદ, વિસનગર, રાપર, ધાંગધ્રા, બોટાદ, વઢવાણ, ઉંઝા, ધંધુકા, સાંતલપુર વગેરે જિલ્લા અને તાલુકા સ્થળેથી તેમજ આ જિલ્લાઓના અંતરિયાળ ગામોમાંથી આવે છે. ઇશ્વરે આવા ઉમદા કાર્યની તક આપી તે બદલ સર્વોદય ટ્રસ્ટ અને શાળા પરિવાર તેના આભારી છે.

**સહિષ્ણુ બનવું હોય**



Momaya Chaudhary lost both father & mother in 2001 Kutchh earthquake. "shala parivar"sponsored his education up to M.A, B.ed.Today he is a successful real estate constructor.

The activity is continued till date & have produced Dentist, Engineers(one working in Larsen and Toubro), teachers, Marketing manager, successful businessmen in Mumbai etc.





Presently 56 orphan/single parent children are studying in school, free of cost, from Kutchh, little rann of Kutchh, Patan, Surendranagar, Bhavnagar, Mehsana, Valsad, Ahmedabad, Visnagar, Rapar, Dhangdhra, Botad, Vadhvan, Unjha, Dhandhuka, Santalpur, Kaparada , Dharampur, Dang, and other tribal areas. "shala parivar" sponsors their lodging, boarding, special coaching & other related issues.

**(2) 18 children orphan/single parent/lost home in riots were provided free lodging boarding, education and over all development in our school till they complete 12th standard of schooling.**



Hindu & Muslim boys used to offer Hindu prayers & Islamic Namaz together/making temples & Mosque together.



**(3) Vocational Training centre for the under privileged parents / females from the near by slum.**



We also run a vocational training centre for the under privileged parents and girls residing in the slum area ad joining to our school. Two batches of coaching class is regularly run by the school administration and on an average 50 females from poor and down trodden segment of the society comes to our school premises regularly to A them to stand on their feet. This activity takes place along with the schooling activities during the school hours. This vocational training is offered completely free of cost to the needy females of the vicinity.

**(4)(a) Garment stitching and embroidery classes for the tribal girls and tribal females.**









**(4)(b) Mehendi & Beauty parlour training in tribal areas.**





**(At Gam Talav khurd(near Mandvi), Chimi patal (near Sagbara), Patadi (near little desert of Kutchh) & Maroli.**

Tribal female were trained by our school offering lodging boarding and training free of cost and after learning the skill, they were offered 10 sewing / stitching machines each which was arranged by our school through some affiliated donors and they have started garment stitching and embroidery classes free of cost for the tribal girls and tribal females in 4 tribal villages named Gam Talav khurd(near Mandvi), Chimi patal (near Sagbara), Patadi (near small desert of Kutchh) & Maroli.

All the cost of starting running and maintaining the skill development centre in tribal areas is sponsored by our school and affiliates.

These teachers' salary is arranged by the school to encourage imparting of skills amongst the socially and economically weaken sections of the tribal areas.

**(5) The school has also facilitated through some affiliated donors bunk beds, Computers, clothing and food materials such as grains, cerial and pulses to many hostels and schools accomodating orphan children, single parent children or children of migratory population in the backward tribal areas. These activities are regularly financed by the school in villages such as Karutha(near Pipalwada), Gamtalav khurd(near Mandvi), Kakshala(near Subir), Chimipatal(near Sagbara), Patadi(near little rann of Kutchh) etc.**

☛ The school has also facilitated through some affiliated donors hostel facilities for the orphans / single parent / migratory labourers' children at Karutha(near Pipalwada), Kakshala (near Subir).

☛ The school has also facilitated through some affiliated donors digging of wells for the poor tribal villages such as Kakshala & Singkuva.



Training of Farming at Karutha



Benches/Bunk Beds provided at more than 18 tribal schools.



Hostel for orphan/single parent children at Kakshala, Karutha, Chimipatal & Gamtalav khurd



Well Kakshala (near Subir) & Singanmal

**(6) Flood Relief ::-**





- During monsoon when there is heavy down pour on one hand and a high tide in the sea, the sea refuses to take the flood water of the "koily" creek, resulting into the creek-water galloping the near by slums, making thousands of children, women & men homeless, for about a week. Under such circumstances we convert our school into a shelter predominantly for the young children & women of our neighbourhood. The school administration with the help of teachers provides food & medical assistance to the flood sufferers free of cost. Sometimes it takes days to clean the school after the flood recedes.

## (7) RTE (Right of Children to Free and Compulsory Education Act)

રાઈટ ટુ એજ્યુકેશન ધારો ૨૦૧૦ ની સાલમાં અમલમાં આવ્યો. પરંતુ આર્થિક અને સામાજીક રીતે ખૂબજ પછાત વિદ્યાર્થીઓ તથા માતા પિતા કે પિતાની છત્રછાયા ગુમાવનાર વિદ્યાર્થીઓ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ સમજી છેલ્લા ૨૦ વર્ષથી નિરંતર રીતે વિદ્યાર્થીઓને સહાયભૂત થઈએ છીએ.

સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ગજરાબા પ્રાથમિક શાળા

શૈક્ષણિક વર્ષ ૧૯૯૫-૯૬ થી ૨૦૧૪-૧૫ દરમ્યાન વિદ્યાર્થીઓને આપવામાં આવેલ ફી માફીની સંખ્યા દર્શાવતું પત્રક

| વર્ષ | વિદ્યાર્થીઓની કુલ સંખ્યા | વર્ગોની સંખ્યા | માફી મેળવતા વિદ્યાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|---|
| | | | ૧૦૦% | ૫૦% | કુલ |
| ૧૯૯૫-૯૬ | ૧૧૫૪ | ૧૮ | – | ૨૭ | ૨૭ |
| ૧૯૯૬-૯૭ | ૧૨૨૪ | ૨૦ | – | ૭૬ | ૭૬ |
| ૧૯૯૭-૯૮ | ૧૩૧૩ | ૨૨ | ૧૩ | ૪૫ | ૫૮ |
| ૧૯૯૮-૯૯ | ૧૩૯૨ | ૨૪ | ૧૪ | ૮૧ | ૯૫ |
| ૧૯૯૯-૨૦૦૦ | ૧૩૮૬ | ૨૬ | ૧૫ | ૭૪ | ૮૯ |
| ૨૦૦૦-૨૦૦૧ | ૧૪૫૩ | ૨૭ | ૦૩ | ૧૨૫ | ૧૨૮ |
| ૨૦૦૧-૨૦૦૨ | ૧૫૯૮ | ૨૮ | ૩૪ | ૧૬૩ | ૧૯૭ |
| ૨૦૦૨-૨૦૦૩ | ૧૬૪૩ | ૨૮ | ૪૨ | ૮૪ | ૧૩૬ |
| ૨૦૦૩-૨૦૦૪ | ૧૬૩૯ | ૨૮ | ૪૧ | ૬૩ | ૧૦૪ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૧૬૩૨ | ૨૮ | ૫૩ | ૭૯ | ૧૩૨ |
| ૨૦૦૫-૨૦૦૬ | ૧૬૨૪ | ૨૮ | ૫૫ | ૯૦ | ૧૪૫ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૧૬૦૮ | ૨૮ | ૬૪ | ૯૨ | ૧૫૬ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૧૫૮૮ | ૨૮ | ૬૨ | ૭૨ | ૧૩૪ |
| ૨૦૦૮-૨૦૦૯ | ૧૫૨૬ | ૨૮ | ૭૨ | ૨૪ | ૯૬ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૧૪૯૫ | ૨૮ | ૫૮ | ૧૮ | ૭૬ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૧૪૮૮ | ૨૮ | ૫૭ | ૧૬ | ૭૩ |
| ૨૦૧૧-૨૦૧૨ | ૧૪૩૨ | ૨૮ | ૫૭ | ૧૦ | ૬૭ |
| ૨૦૧૨-૨૦૧૩ | ૧૬૨૪ | ૨૮ | ૯૧ | ૩૨ | ૧૨૩ |
| ૨૦૧૩-૨૦૧૪ | ૧૬૦૮ | ૩૧ | ૯૪ | ૪૮ | ૧૪૨ |
| ૨૦૧૪-૨૦૧૫ | ૧૫૭૦ | ૨૯ | ૯૦ | ૩૯ | ૧૨૯ |

M. Agrawala

## (VII) Report of Outstanding National or International Achievement of Our ALUMNI.

### (1) Mahatma Gandhi Education Award Offered At IIM Ahmedabad



CITATION

MAHATMA GANDHI
EDUCATION AWARDS
2011

On the special occasion of Mahatma Gandhi's Birthday,
this 2nd of October, 2011,
India First Foundation Trust and Academy for Global Education Services
felicitate

Ms. Madhuben A. Daruwala
[B.Com. B.Ed.]

Gajaraba Primary School - Surat

with A Special Jury Award

She has adopted child survivors of the 2001 earthquake, orphans and those who have been abandoned. She caters to all their needs- shelter, food, education & life skills. Many of them have achieved respectable positions in society. For those learners who are not academically inclined, she has initiated vocational training programs, which has led to greater levels of employable youth.

She has been the recipient of the Astha Charitable Trust Award,
a Special Achievement Award in 2010.
We wish her all the best

IFF

AGES



## (2) Felicitation Offered By Education Ministers And Deputy Speaker Of The State Of Gujarat



" મનન મૌન તોડવાનું "

# વિશિષ્ટાભિવાદનમ્

સન્માનનીયશ્રી

**શ્રી પરિમલભાઈ દેસાઈ**

આચાર્ય ચાણક્ય કહે છે....

*શૈલે શૈલે ન માણિક્યં મૌક્તિકં ન ગજે ગજે ।*
*સાધવો નહિ સર્વત્ર, ચંદનં ન વને વને ।।*

અર્થાત ...

જેમ પ્રત્યેક પથ્થરમાંથી હીરા નથી મળતાં, પ્રત્યેક હાથીના મસ્તક પર મુકતામણિ નથી હોતા અને દરેક જંગલમાં ચંદન નથી હોતું તેમ...... સાધુ અને સજ્જન પુરૂષો પણ સર્વત્ર જોવા નથી મળતાં. સન્માનનીયશ્રી આપનું જીવન પણ અત્યંત પરોપકાર અને સમર્પણ ભાવથી છલોછલ છે. આપના દ્વારા કરવામાં આવતી નિઃસ્વાર્થ સેવા ખરેખર સ્તુત્ય અને પ્રશંસનીય છે. આપની શૈક્ષણિક ક્ષેત્રે ઉમદા કાર્ય કરવાના ઉત્તમ વિચારો અન્ય માટે પ્રેરણારૂપ થાય તેવુ ઉત્તમ ચારિત્ર્ય આપે ઉપસાવ્યુ છે.

આપની સંસ્થા સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભૂકંપ પિડિત સ્મશાણગ્રસ્ત બાળકોની ધો-૧ થી ૧૨ સુધીના અભ્યાસ તેમજ રહેવાની સંપૂર્ણ જવાબદારી અદા કરવામાં આવે છે જે ખરેખર વંદનીય કાર્ય છે. ઉપરાંત ડાંગના અંતરિયાળ ગામોના પિતા વિહોણા બાળકોની જવાબદારી પણ સ્વીકારી આદિવાસી ઉત્કર્ષનું પ્રશંસનીય કાર્ય પણ આપ કરી રહ્યા છો.

સાચા અર્થમાં આપશ્રીએ વ્યકિતવાદથી અળગા રહી સમષ્ટિવાદ પ્રત્યે જે સંવેદનાની સરિતા પ્રગટાવી છે. તે પ્રશંસનીય અને અભિનંદનીય છે. આપનો નિખાલસ, નિસ્વાર્થ, નિષ્ઠાસભર અને નૈતિક મૂલ્યોથી સભર સ્વભાવ અન્યોને પ્રેરણાની પગદંડી પર ચાલવા પ્રેરક બળ અર્પે છે. આપની સમાજોન્મુખ દ્રષ્ટિ વંચિતો અને ઉપેક્ષિતો પ્રત્યે આશાના ઓજસ પાથરે છે.

આજે આપને "વિશિષ્ટ-અભિવાદન" અર્પણ કરતાં અમો ગૌરવાન્વિત થયાનો આનંદ અનુભવીએ છીએ.ઇશ્વર આપને અને આપની સેવા સંસ્થાને નિરોગી દીર્ઘાયુ પ્રદાન કરે એજ અભ્યર્થના સહ અર્પણ......

**વિશિષ્ટ અભિવાદનના સાક્ષીશ્રીઓ**

**મા.શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા** (મંત્રીશ્રી, શિક્ષણ, અન્ન,નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો, વૈધાનિક અને સંસદીય બાબતો)
**મા.શ્રી નાનુભાઈ વાનાણી** (રાજય મંત્રીશ્રી, શિક્ષણ, જળસંપત્તિ(કલ્પસર સિવાય), રમત-ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ)
**મા.શ્રી આત્મારામ પરમાર** (નાયબ મુખ્ય દંડકશ્રી, ગુજરાત વિધાન સભા)

**અર્પણ કર્તા**

જિલ્લા શિક્ષણ સંકલન સમિતિ
સુરત

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
સુરત

:: સ્થળ :: સુરત. :: તારીખ :: ૨૯-૧૨-૨૦૧૪, સોમવાર



**(3) Indira Gandhi Priydarshini Award Offered for Carrying Out Outstanding Services, Achievements and Contributions to The Society.**



## (4) School Activities Telecasted in Amir Khan's 'Satyamev Jayate'




The charitable activities carried out by the school were highly appreciated and were selected to showcase the concept of "Idea of India" in the serial named "Satyamev Jayate". In the first series of "Satyamev Jayate", there were 13 episodes. The first 12 episodes were based on certain issues or problems faced by our country. Whereas the 13th episode; as explained by Amir Khan in the introductory comments of the 13th episode named as "Idea of India"; he explained that in the sad and gloomy reality of our country there are certain NGOS/Institutes which have followed the directive principles laid down in the constitution of India. He wanted to highlight some positive and constructive things going on in this great nation for which, he and the team "Satyamev Jayate" selected two of our school activities as activities which he showcased and highlighted in his episode of "Idea of India". The school activities was given detailed coverage in his said episode and in the end of our story, he saluted the "SHALA PARIVAR" for unbelievable work done under the then prevailing situation. The DVD showing the said episode is attached herewith for your kind perusal.

Programme can be viewed on Youtube : Satyamev Jayate, Idea Of India Episode.(13th Episode series1)

DVD depicting our school activities is attached here with.

(5) **Shri Kanubhai Ramdas Gandhi, The Grand Son Of Mahatma Gandhi Visited Our School Daily For About Six Months In 2014.**

